# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૫ તા.૧૫-૦૨-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તા.૨૧-ફેબ્રુઆરીના રોજ દર વર્ષે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે માતૃભાષાનું મહત્વ જળવાય અને વિદ્યાર્થીઓમાં માતૃભાષા પ્રત્યે આદરભાવ વધે તે હેતુથી વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી માટે નીચે મુજબની પ્રવૃત્તિઓ શાળાકક્ષાએથી શહેરકક્ષા સુધી કરવા જણાવવામાં આવે છે.

- **ગ્રંથયાત્રા** : તા.૨૧-૦૨-૨૦૨૩ના રોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦ કલાક દરમ્યાન શાળાની આસપાસના વિસ્તારમાં પ્લેકાર્ડ સાથે યાત્રાનું આયોજન કરવું.
- **ધોરણ ૧ થી ૫- ગીત સ્પર્ધા** : પ્રાર્થના,બાળગીત,જોડકણાં,કવિતા,એક પાત્ર અભિનય
- **ધોરણ ૬ થી ૮- વકતૃત્વ સ્પર્ધા** : માતૃભાષાનું મહત્વ,ગ્લોબલ સમિટ જી-૨૦ની કામગીરી, આપણા સમાજ પર પાશ્ચાત સંસ્કૃતિની અસર.
- **ડીબેટ** : પાયાનું શિક્ષણ માતૃભાષામાં કે અંગ્રેજી ભાષામાં, ઈન્ટરનેટ અને ટેક્નોલોજીનો ઉપયોગ આશીર્વાદ કે અભિશાપ.
- **ગીત સ્પર્ધા (વાજિંત્રો સાથે)** : ભજન,હાલરડાં,લગ્નગીત,લોકગીત,કાવ્ય.
- **અંતાક્ષરી** : ગુજરાતી ગીતો પર ,
- **ભવાઈ** :
- **નાટક** : ઉપદેશ આપતું સમય મર્યાદા ૫ મિનિટ

**નોંધ : એક વિદ્યાર્થી એક જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.**

તા.૧૬-૦૨-૨૦૨૩ - શાળા કક્ષાએ

તા.૧૭-૦૨-૨૦૨૩ - બીટ કક્ષાએ

તા.૨૦-૦૨-૨૦૨૩ - ઝોન કક્ષાએ

ઝોનકક્ષાએ વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

સવિશેષ જણાવવાનું કે રાજ્ય કક્ષાના 'વિશ્વ માતૃભાષા દિવસ'ની ઉજવણી પંડિત દીનદયાળ હૉલ, બોડકદેવ ખાતે ખૂબ મોટા પાયા પર થનાર છે. જેનું લાઈવ પ્રસારણ બાયસેગના માધ્યમથી તા.૨૧-૦૨-૨૦૨૩ના રોજ સવારે ૯-૦૦ કલાકથી થનાર હોઈ આ પ્રસારણ વધુમાં વધુ શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીઓ નિહાળે તે માટેનું આયોજન કરવું અને આ પ્રસારણ યોગ્ય રીતે જોઈ શકાય તે માટેની વ્યવસ્થાઓ તા.૨૦-૦૨-૨૦૨૩ના રોજ સુનિશ્ચિત કરવી.

તા. ૧૫-૦૨-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી